રાજ્યમાં સપ્ટેમ્બર-૨૦૨૩માં ભારે વરસાદથી અસરગ્રસ્ત થયેલ જિલ્લામાં કેશ ડોલ્સની સહાય રોકડમાં આપવા બાબત.

ગુજરાત સરકાર
મહેસૂલ વિભાગ

**FileNo.- RD/MSM/e-file/15/2023/13595/S3**

સચિવાલય, ગાંધીનગર.
તા:૨૨/૦૯/૨૦૨૩

**વંચાણે લીધાઃ-**

૧. મહેસૂલ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ સીએલએસ/૧૦૨૦૧૨/૨૫૩/ સ.૩, તા.૨૭/૦૪/૨૦૧૫, તા.૧૮/૦૩/૨૦૨૧ તથા ભારત સરકારના તા.૦૮/૦૪/૨૦૧૫ ના SDRFના ધોરણો

૨. મહેસૂલ વિભાગનો ઠરાવ ક્રમાંક: સીએલએસ/૧૦૨૦૧૭/GOI-42/સ.૩, તા.૩૦/૦૬/૨૦૧૭

**પ્રસ્તાવના:-**

મહેસૂલ વિભાગના આમુખ -૧ના ઠરાવથી કુદરતી આપત્તિઓના કારણે અસરગ્રસ્તોને દૈનિક રોકડ સહાય (કેશડોલ્સ)ની સહાય ચૂકવવા માટેના ધોરણો ઠરાવવામાં આવેલ છે. ત્યારબાદ આમુખ-૨ના ઠરાવથી SDRF/NDRF અન્વયે અપાતી તમામ પ્રકારની સહાય અસરગ્રસ્ત લાભાર્થીને બેંક એકાઉન્ટમાં DBT(Direct Benefit Transfer)અથવા PFMS (Public Fund Management System)મારફતે જ ચૂકવવાની સુચનાઓ અમલમાં છે. પરંતુ, અસરગ્રસ્ત વિસ્તારમાં હાલના સંજોગોમાં બેન્કીંગ વ્યવહાર મુશ્કેલ બને. આ સંજોગોમાં કેશડોલ્સની રકમ અસરગ્રસ્ત ઇસમોના ખાતામાં જમા કરવી અને તેનો ઉપાડ કરવો તે પણ અતિકઠીન બને. આમ, અસરગ્રસ્ત નાગરિકોને તાત્કાલિક સહાયભૂત થવા સહાયની રકમ રોકડમાં આપવા અંગેની બાબત વિચારણા હેઠળ હતી. આથી, રાજ્યમાં સપ્ટેમ્બર-૨૦૨૩માં ભારે વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓમાં આ બાબત વિચારણામાં લઇ સરકાર નીચે મુજબ ઠરાવે છે.

**- ઠ રા વ -**

**૧. કેશડોલ્સ:**

વહિવટીતંત્ર દ્વારા રાજ્યમાં સપ્ટેમ્બર-૨૦૨૩માં તા.૧૬/૦૯/૨૦૨૩ થી તા.૧૮/૦૯/૨૦૨૩ દરમ્યાન પડેલ ભારે વરસાદ અને નદીઓ/ડેમમાં પુર આવવાના કારણે અસર થયેલ ભરૂચ, નર્મદા, અને વડોદરા જિલ્લામાં તેમજ તા.૧૮/૦૯/૨૦૨૩ દરમ્યાન પડેલ ભારે વરસાદને કારણે અસરગ્રસ્ત થયેલ પંચમહાલ અને દાહોદ વિસ્તારના રહીશોને અગમચેતીના ભાગરૂપે

સુરક્ષિત જગ્યાએ સ્થળાંતર કરવામાં આવેલ છે. વહિવટીતંત્ર દ્વારા આવા સ્થળાંતર પામેલા અસરગ્રસ્ત વિસ્તારના વ્યક્તિઓને રોજબરોજની જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ મેળવવા માટેની મુશ્કેલી નિવારવા રોકડ રકમની સહાય ચૂકવવાની જરૂરિયાત ઉદ્દભવતા મહેસૂલ વિભાગના તા.૧૮/૦૩/૨૦૨૧ ના સંદર્ભથી ઠરાવ્યા મુજબની સહાય ચૂકવવાની થાય છે.

રાજ્યમાં સપ્ટેમ્બર-૨૦૨૩માં ભારે વરસાદ દરમ્યાન અસરગ્રસ્ત જિલ્લામાં સ્થળાંતર કરાવવામાં આવેલ હોય તેવા વ્યક્તિઓને મહત્તમ ૫(પાંચ) દિવસ માટે પુખ્ત વયની વ્યક્તિ માટે રૂ.૧૦૦/-પ્રતિદિન અને બાળકદીઠ રૂ.૬૦/-પ્રતિદિનની સહાય રોકડમાં ચૂકવવા આથી ઠરાવવામાં આવે છે.

૨. આમુખ-૧ના ઠરાવની અન્ય તમામ શરતો યથાવત રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની તા.૨૨/૦૯/૨૦૨૩ના રોજ મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સેજલ પી. ચાવડા)
ઉપસચિવ
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર

પ્રતિ,

૧. નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
૨. માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૩. તમામ મંત્રીશ્રીઓ તથા રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના રહસ્ય સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
૪. સર્વે વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી /સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
૫. માન. વિરોધ પક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
૬. મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૭. અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૮. અધિક સચિવ અને રાહત કમિશનરશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૯. કલેકટરશ્રી ભરૂચ,કલેકટરશ્રી નર્મદા,કલેકટરશ્રી વડોદરા,કલેકટરશ્રી પંચમહાલ અને કલેકટરશ્રી દાહોદ
૧૦. સચિવાલયના તમામ વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
૧૧. એકાઉન્ટન્ટ જનરલશ્રી,અમદાવાદ / રાજકોટ, ગુજરાત રાજ્ય.
૧૨. સર્વે શાખાઓ, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૧૩. સિસ્ટમ મેનેજરશ્રી,હ.ર શાખા, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (ઠરાવની નકલ વેબસાઇટ પર મૂકવા સારુ)

૧૪. મુખ્ય હિસાબી અધિકારીશ્રી, રાહત નિયામકશ્રીની કચેરી,મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૧૫. માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

૧૬. શાખા સિલેક્ટ ફાઇલ-૨૦૨૩.